**J.Z. Shah Arts & H.P. Desai Commerce College, Amroli-surat**

Internal test-2016

**S.Y.B.Com.- Sem III - *Gujarati medium***

Foundation Course in English : Language Through Literature

Date : 27/09/2016 Roll No.

Time : 08:00 to 10:00 Total Marks: 50

**Instructions: Figures to the right indicate full marks.**

Indicate your options clearly.

**1. Answer briefly: (Any Five)** **(10)**

i. Why did Rosemary change her mind about keeping Ms. Smith in her house?

ii. In What context did the thought of wanting a wife occur to the speaker?

iii. What accomplishment did Gandhi think to be Essential for becoming an English Gentleman?

iv. What had the photographer done to the picture?

v. What does the 'inn' Symbolize in the poem 'Up-Hill'?

vi. Why was the author angry with the photographer?

viii. What does the inn at the end of the road stand for?

**2.** a. Give the central idea of the poem 'Where the Mind is without Fear' **(13)**

**OR**

**2.** b. Describe the duties of wife according to Judy Brady. **(13)**

**3.** a. How does Gandhi try to become an English Gentleman? Finally, what is his realization. **(13)**

**OR**

**3.** b. Comment on the title of the story 'A Cup of Tea' What does it signify in the story. **(13)**

**4.** a. As the general secretary of your college write a report on student's union elections. **(07)**

**OR**

**4.** a. Write a press report on celebration of 'International Yoga day'. **(07)**

**OR**

**4. a. You had applied for a job as a Computer Engineer. Prepare an interview between the head** of the institute and you assessing your suitability for the position.

**4.** b. **Do as directed: (Any Seven)** **(07)**

i. Give Synonym:

Fascinating

ii. Would Philip agree to her plan?

(use present tense)

iii. Last night, my wife finish cooking just as the guests are arriving.

(correct the tense)

iv. a list of dishes making up a meal

(Give a word for)

v. Rosemary drew other into the hall.

(put appropriate article in the blank)

vi. The play was to begin from / at / on 8 p.m.

(choose the correct preposition from the given options)

vii. Yesterday, my friend is going / went / a gone to the photographer's studio.

(Choose the correct form of the verb of the given options)

viii. Tagore travelled many Countries broaden his mind

(put the appropriate preposition in the blank)

**======== Best of Luck ========**

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલી.

આંતરિક મૂલ્યાંકન કસોટી સપ્ટેમ્બર – ૨૦૧૬

બી.કોમ. સેમેસ્ટર–૩

વિષય : ઉચ્ચતર નામાપધ્ધતિ – ૨

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૩૦/૦૯/૨૦૧૬ ગુણ : ૫૦

સૂચના : જમણી બાજુના આંકડા પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

જરૂરી ગણતરીઓ તમારા જવાબના ભાગરૂપે દર્શાવવી.

૧. (અ) રૂા.૨ નો શેરદીઠ છેલ્લો હપ્તો ભરપાઈ ન થવાથી કંપનીનાં સંચાલકોએ ૨૦૦૦ ઈકિવટી શેરો (દાર્શનિક કિંમત દરેક રૂા. ૧૦ ના બહાર પાડેલ) જપ્ત કર્યા. ત્યારબાદ આ શેરો દરેક રૂા. ૧૦ના શેરદીઠ રૂા.૧ના પ્રીમિયમે ફરીથી પૂર્ણ ભરપાઈ તરીકે બહાર પાડયા. (૦૨)

ઉપરોકત વ્યવહારની કંપનીનાં ચોપડે આમનોંધ લખો.

(બ) કંપનીના સંચાલકોએ રૂા. ૭,૫૦,૦૦૦ ના રીડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરવા માટે ન્યૂનતમ સંખ્યામાં નવા ઈકિવટી શેર દરેક રૂા. ૧૦ના ૧૦% વટાવે બહાર પાડવાનું નકકી કર્યું કંપની પાસે મહત્તમ વહેંચણીપાત્ર નફો રૂા. ૩,૦૦,૦૦૦ છે. કંપની દ્વારા નવા બહાર પાડેલ ઈકિવટી શેરોની સંખ્યા નકકી કરો. (૦૨)

(ક) ડિબેંચર હોલ્ડર્સને ચૂકવ્યા બાદ લિકિવડેટર પાસે રૂા. ૧,૨૯,૦૩૦ની બચત તેના હાથ પર છે. બિનસલામત લેણદારો રૂા.૧,૬૫,૦૦૦ના છે. લિકવિડેટરને બિનસલામત લેણદરોને ચૂકવેલ રકમના ૨% મહેનતાણું આપવામાં આવે છે. (૦૨)

બિનસલામત લેણદારોને ચૂકવેલી રકમ તથા લિકિવડેટરના મહેનતાણાની ગણતરી કરો.

(ડ) સુરત લિ.ના ધંધાનો ગુજરાત લિ.માં નીચેની શરતોએ સમાવેશ કરવામાં આવ્યો (૦૨)

(૧) સુરત લિ.ની મિલકતોની કિંમત રૂા. ૧,૬૦,૦૦૦ આંકવામાં આવી.

(૨) પાઘડીની કિંમત રૂા. ૫૦,૦૦૦ આંકવામાં આવી.

(૩) સુરત લિ.ની જવાબદારીઓની કિંમત રૂા. ૬૦,૦૦૦ આંકવામાં આવી.

(૪) સુરત લિ.ના શેરહોલ્ડરોને રૂા. ૨૦,૦૦૦ રોકડા ચૂકવવામાં આવ્યા.

(૫) ખરીદ કિંમતની બાકીની રકમ રૂા.૧૦નો એક એવા ઈકિવટી શેર રૂા.૨૦ના ભાવે આપીને ચૂકવવામાં આવી.

ગુજરાત લિ.એ ચૂકવવાની ખરીદ કિંમત અને અવેજોની ગણતરી દર્શાવો.

(ઈ) એક કંપનીની શેરમૂડી રૂા. ૧૪,૦૦,૦૦૦ છે. જે ઈકિવટી શેર દીઠ રૂા. ૧૦ની છે. કંપનીના શેરનો બજારભાવ શેરદીઠ રૂા.૨૦ છે. કંપનીએ અનામતમાંથી રૂા.૧૨,૦૦,૦૦૦નું બોનસ જાહેર કર્યું. બોનસ રૂા. ૧૦નો ઈકિવટી શેર પૂરેપૂરો ભરપાઈ થયેલ ગણી શેરદીઠ રૂા. ૫ ના પ્રીમિયમે આપવાનો છે. બોનસ શેરનું પ્રમાણ શોધો. (૦૨)

૨. એક લિમિટેડ કંપનીએ ૧૦,૦૦૦ શેર માટે દરેક રૂા. ૧૦ના એક એવા શેદીઠ રૂા. ૫ ના પ્રીમિયમે શેર અરજીઓ મંગાવી જેની ચૂકવણી નીચે મુજબ કરવાની હતી. (૧૪)

શેર અરજી સાથે રૂા. ૩ (શેરદીઠ)

શેર મુજૂરી સાથે રૂા. ૬ ( શેરદીઠ– પ્રીમિયમ સહિત)

બાકીની રકમ બે સરખા હપ્તાઓમાં

૧૮,૦૦૦ શેરો માટે અરજીઓ મળી. ૧૫,૦૦૦ શેર અરજીઓની ફાળવણી ૩ શેર અરજી દીઠ ૨ શેરના આધારે કરવામાં આવી.

એક શેરહોલ્ડર કે જેમને ૪૦ શેર ફાળવવામાં (મંજૂર) કરવામાં આવ્યા હતા. તે શેર મંજૂરીની રકમ ચૂકવી શકયો નહી તેના આ શેર પ્રથમ હપ્તાની રકમ ભરપાઈ ન થવાથી જપ્ત કર્યા.

બીજો એક શેર હોલ્ડર કે જેમને ૧૨૦ શેર મંજૂર કરેલા, ને હપ્તાઓની રકમ ભરપાઈ કરી શકયો નહી તેમના આ શેરો બીજો હપ્તો મંગાવ્યા બાદ જપ્ત કરવામાં આવ્યા.

પ્રથમ શેર હોલ્ડરને ફાળવેલા મૂળ ૪૦ શેરો તથા બીજા શેર હોલ્ડરને ફાળવેલા ૪૦ શેરો જે પાછળથી ત્રીજા શેર હોલ્ડરને શેરદીઠ રૂા. ૯ની કિંમતે પૂર્ણ ભરપાઈ તરીકે આપવામાં આવ્યા

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

**અથવા**

૨. તા. ૩૧મી માર્ચ ૨૦૧૬નાં રોજ એક લિમિટેડ કંપનીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું (૧૪)

પાકું સરવૈયું

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| ૧૨%ના રીડીમેબલ પ્રેફ.શેર દરેક રૂા. ૧૦૦નો | ૧૫,૦૦,૦૦૦ | કાયમી મિલકતો | ૩૭,૦૦,૦૦૦ |
| ઈક્વિટી શેર દરેક રૂા. ૧૦ના | ૫૦,૦૦,૦૦૦ | રોકાણો (પડતર કિંમતે) | ૨,૦૦,૦૦૦ |
| નફા–નુકશાન ખાતું | ૪,૦૦,૦૦૦ | સ્ટોક | ૧૨,૦૦,૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૪૦,૦૦૦ | પરચુરણ દેવાદારો | ૧૫,૫૦,૦૦૦ |
| પરચુરણ લેણદારો | ૧,૬૦,૦૦૦ | રોકડ અને બેંક | ૪,૫૦,૦૦૦ |
| | ૭૧,૦૦,૦૦૦ | | ૭૧,૦૦,૦૦૦ |

૩૦મી એપ્રિલ ૨૦૧૬નાં રોજ સંચાલકોએ રીડીમેબલ પ્રેફરન્સ શેરો ૧૦%ના પ્રીમિયમે પરત કરવાનું નકકી કર્યુ. પડતર પર ૨૫% ખોટથી રોકાણો વેચી દીધા. પ્રેફરન્સ શેર પરત કરવાના હેતુસર કંપનીએ જરૂરી સંખ્યામાં નવા ઈક્વિટી શેર દરેક રૂા. ૧૦ના શેરદીઠ રૂા.૧ના પ્રીમિયમે બહાર પાડયા. કંપની ન્યૂનતમ રૂા. ૧,૦૦,૦૦૦ રોકડ સિલક જાળવી રાખે છે.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો તથા પ્રેફરન્સ શેર પરત બાદનું કંપનીનું પાકું સરવૈયું તૈયાર કરો.

૩. તા. ૩૧મી માર્ચ ના રોજ x લિ. અને y લિ.નાં પાકા સરવૈયા નીચે મુજબ છે. (૧૪)

| જવાબદારીઓ | રૂા. x લિ. | રૂા. y લિ. | મિલકતો | રૂા. x લિ. | રૂા. y લિ. |
|---|---|---|---|---|---|
| ઈક્વિટી શેર દરેક રૂા.૧૦ના | ૫,૦૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ | પાઘડી | ૧,૦૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| ૧૦%ના પ્રેફ.શેર દરેક રૂા.૧૦૦ના | ૪,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | જમીન–મકાન | ૪,૮૦,૦૦૦ | ૨,૮૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૧,૨૦,૦૦૦ | –– | પ્લાન્ટ – મશીનરી | ૩,૦૦,૦૦૦ | ૧,૦૭,૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૩૦,૦૦૦ | ૨૦,૦૦૦ | ફર્નિચર | ૧,૦૦,૦૦૦ | ૬૦,૦૦૦ |
| નફા–નુકશાન ખાતું | ૮૦,૦૦૦ | ૫૦,૦૦૦ | રોકાણો | ૧,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| ૧૦%ના ડિબેંચર્સ | ૯૦,૦૦૦ | ૬૦,૦૦૦ | સ્ટોક | ૧,૦૦,૦૦૦ | ૮૦,૦૦૦ |
| પરચૂરણ લેણદારો | ૬૦,૦૦૦ | ૩૦,૦૦ | દેવાદારો | ૮૦,૦૦૦ | ૭૦,૦૦૦ |
| | | | બેંકસિલક | ૨૦,૦૦૦ | ૪૦,૦૦૦ |
| | | | ડિબેંચરવટાવ | | ૩,૦૦૦ |
| | ૧૨,૮૦,૦૦૦ | ૭,૬૦,૦૦૦ | | ૧૨,૮૦,૦૦૦ | ૬,૬૦,૦૦૦ |

નવી કંપની z લિ.નામની સ્થાપના x લિ.અને y લિ.નો ધંધો લઈ લેવા માટે તા. ૧–૪ના રોજ કરવામાં આવી, જેની સત્તાવાર થાપણ રૂા. ૧૫,૦૦,૦૦૦ જે દરેક રૂા. ૧૦ના ઈક્વિટી શેરમાં વહેંચાયેલી હતી.

સંયોજનની શરતો નીચે મુજબ હતી.

(૧) x લિ.ના ધંધાની કિંમત રૂા. ૧૧,૫૦,૦૦૦ નકકી કરવામાં આવી. જે ૫૭,૫૦૦ ઈક્વિટી શેરમાં દરેક રૂા.૨૦ ના ભાવે આપી ચૂકતે કરવામાં આવી.

(૨) y લિ.ના ધંધાની કિંમત રૂા. ૫,૫૦,૦૦૦ નકકી થઈ જે ૨૭,૫૦૦ ઈક્વિટીશેરમાં દરેક રૂા. ૨૦ના ભાવે આપી ચૂકવવામાં આવી.

(૩) x લિ. નો વિસર્જન ખર્ચ રૂા. ૧૦,૦૦૦ z લિ. એ ચૂકવ્યો.

(૪) Z લિ. દ્વારા ૧૨,૦૦૦ ઈકિવટી શેરો જાહેર જનતા માટે શેરદીઠ રૂા. ૨૦ લેખે બહાર પાડવામાં આવ્યા.

સંયોજિત થતી નવી કંપની Z લિ.ના ચોપડે વિલિનીકરણ સ્વરૂપના સંયોજનના આધારે હિસાબી ધોરણ–૧૪ અનુસાર પાકું સરવૈયું તૈયાર કરો.

**અથવા**

૩. નીચેનું પાકુંસરવૈયું હાર્દલક લિમિટેડનું છે જે તેના લિકિવડેટર પાસે છે. (૧૪)

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| ૨૦૦૦, ૬%ના પ્રેફરન્સ શેર દરેક રૂા.૧૦૦ના પૂરા ભરપાઈ | ૨,૦૦,૦૦૦ | કાયમી મિલકતો | ૪,૦૦,૦૦૦ |
| ૪,૦૦૦ ઈકિવટી શેર દરેક રૂા.૧૦૦ના પૂરા ભરપાઈ | ૪,૦૦,૦૦૦ | સ્ટોક | ૨,૪૦,૦૦૦ |
| ૪,૦૦૦ ઈકિવટી શેર દરેક રૂા.૧૦૦ના, રૂા.૭૫ ભરપાઈ | ૩,૦૦,૦૦૦ | ચોપડે દેવાદારો | ૪,૮૦,૦૦૦ |
| બેંક લોન (સ્ટોકના તારણ પર) | ૨,૦૦,૦૦૦ | હાથ પર રોકડ | ૮૦,૦૦૦ |
| વેપારી લેણદારો | ૭,૦૦,૦૦૦ | નફા–નુકશાન ખાતું | ૬,૦૦,૦૦૦ |
| | ૧૮,૦૦,૦૦૦ | | ૧૮,૦૦,૦૦૦ |

મિલકતોની ઉપજ નીચે મુજબ થઈ.

કાયમી મિલકતો રૂા. ૩,૩૬,૦૦૦

સ્ટોક રૂા. ૨,૨૦,૦૦૦

દેવાદારો રૂા. ૪,૬૦,૦૦૦

વિસર્જન ખર્ચ અને લિકવિડેટરનું મહેનતાણું રૂા. ૧૦,૦૦૦ પાકા સરવૈયામાં નોંધાયેલ હાથ પર રોકડ રૂા. ૮૦,૦૦૦ માંથી ચૂકવાયેલ છે.

નહિ મંગાવેલ હપ્તાના નાણાં મંગાવવામાં આવ્યા પરંતુ ૪૦૦ ઈકિવટી શેર પર હપ્તાના નાણાં વસૂલ થયા નહિ.

લિ. લિકિવડેટરનું છેવટનું આવક–જાવકનું પત્રક તૈયાર કરો.

૪. ટૂંકનોંધ લખો. ( કોઈપણ ત્રણ) (૧૨)

૧. પસંદગીના દેવાદારો

૨. પ્રેફરન્સ શેર પરત કરવાની પધ્ધતિઓ

૩. રિડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરવા અંગે કંપની ધારાની જોગવાઈઓ

૪. શેર જપ્તી અને જપ્ત શેર ફરી બહાર પાડવા

૫. બોનસ શેરના હેતુઓ અને પ્રાપ્તિસ્થાનો

%%%%%%%%

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલી.

આંતરિક મૂલ્યાંકન કસોટી સપ્ટેમ્બર – ૨૦૧૬

બી.કોમ. સેમેસ્ટર–૩

વિષય : નામા પધ્ધતિ અને કરવેરા

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૨૬/૦૯/૨૦૧૬ ગુણ : ૫૦

૧. માંગ્યા મુજબ જવાબ આપો.

(અ) નીચેની માહિતી પરથી તા.૧–૮–૨૦૧૪ના રોજના વેચાણના વ્યવહારની આમનોંધ આપો : (૦૩)

| તારીખ | દાર્શનિક કિંમત (રૂા.) | ભાવ (રૂા.) | દલાલી | રીમાર્ક |
|---|---|---|---|---|
| ૧–૮–૨૦૧૪ | (?) | ૧૦૮ | ૧% | વેચાણ |

વ્યાજ દર વર્ષે ૩૦મી એપ્રિલ અને ૩૧મી ઓકટબરના રોજ મળે છે. ઉપરોકત વેચાણના સોદાના ભાવમાં રૂા. ૧૫૦૦નું વ્યાજ સમાયેલ છે. વ્યાજનો દર વાર્ષિક ૧૨% છે.

(બ) નીચેની માહિતી પરથી કુલ ખરીદી શોધો. (૦૪)

(૧) શરૂઆતની બાકી : રૂા.
 લેણદારો .................................. ૨૮,૦૦૦
 દેવીહૂંડી .................................. ૧૫,૦૦૦
(૨) લેણદારોને ચૂકવેલ રોકડ ...................... ૫૦,૦૦૦
(૩) ખરીદ પરત .................................. ૫,૦૦૦
(૪) નકરાયેલ દેવીહૂંડી ............................ ૫,૦૦૦
(૫) દેવીહૂંડીના ચૂકવ્યા ............................ ૨૫,૦૦૦
(૬) આખરની બાકી :
 લેણદારો .................................... ૨૦,૦૦૦
 દેવીહૂંડી .................................... ૧૦,૦૦૦
(૭) રોકડ ખરીદી : ઉધાર ખરીદીના ૧/૭ ભાગ જેટલી
(૮) લેણદારોને વેચાણ શેરો કરેલી લેણીહૂંડી નકરાઈ........ ૪,૦૦૦

(ક) શ્રી જસુ પટેલે આકારણી વર્ષ ૨૦૧૬–૧૭ સાથે સંબંધિત પાછલા વર્ષ માટે તેમની આવકની વિગતો નીચે મુજબ રજુ કરી છે. (૦૩)

(૧) ભારતમાં મળેલ વ્યવસાયી ફી .................................. ૧૧,૦૦૦
(૨) ભારતમાં કમાયેલ આવક પરંતુ રોમમાં મળેલ .................... ૧૨,૦૦૦
(૩) નેપાળમાં મળેલ ખેતીની આવક ............................... ૧૪,૦૦૦
(૪) યુ.કે.માં ધંધાની આવક જેનું નિયંત્રણ ભારતમાંથી થાય છે. ........ ૧૬,૦૦૦

આકારણી વર્ષ ૨૦૧૬–૧૭ માટે શ્રી જસુ પટેલની નીચેના સંજોગોમાં ગ્રોસ આવક ગણો.

(અ) જો તે રહીશ અને સામાન્ય રહીશ હોય
(બ) જો તે બિનરહીશ હોય
(ક) જો તે રહીશ પરંતુ સામાન્ય રહીશ નહિ હોય

૨. શ્રી વિવેકાનંદ પોતાના હિસાબો એકનોંધી પધ્ધતિએ રાખે છે. અને ૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ પૂરા થતા વર્ષની નીચેની માહિતી પૂરી પાડે છે. (૧૪)

(૧)

| | ૧–૪–૨૦૧૪ના રોજ(રૂા.) | ૩૧–૩–૨૦૧૫ના રોજ રૂા. |
|---|---|---|
| બેંક સિલક | ૨૮,૦૦૦ | (?) |
| સ્ટોક | ૩૦,૦૦૦ | (?) |
| દેવાદારો | ૪૫,૦૦૦ | ૩૩,૦૦૦ |
| ફર્નિચર (ઘસારાબાદ) | ૧૫,૦૦૦ | ૧૮,૦૦૦ |
| મકાન | ૧,૫૦,૦૦૦ | (?) |
| લેણદારો | ૩૨,૦૦૦ | ૩૬,૦૦૦ |

વર્ષ દરમિયાન વ્યવસ્થિત ખરીદીની પડતર રૂા. ૩,૬૦,૦૦૦ હતી. કાચા નફાનો દર વેચાણ પર ૨૫% છે.

(૨) બધી ખરીદી અને વેચાણ ઉધાર છે. અને ગ્રાહકો પાસેથી મળેલ રકમ અને લેણદારોને ચૂકવણી ચેક દ્વારા થાય છે. વિવેકાનંદે ભંગારના વેચાણમાંથી રૂા. ૧૦,૦૦૦ મેળવ્યા તેમાંથી રૂા. ૬,૦૦૦ નૂર પેટે ચૂકવ્યા અને બાકીની રકમ દીકરીની કોલેજ ફી માટે ચૂકવી.

(૩) તેના બેંક ખાતેના અન્ય વ્યવહારોની માહિતી નીચે મુજબ છે. :

**<u>આવકો</u>** :

| | |
|---|---|
| અંગત રોકાણો વેચીને ધંધાના લાવ્યા : | ૧,૫૦,૦૦૦ |
| ઓફિસ ફર્નિચરનું વેચાણ | ૮૦૦ |

**<u>જાવકો :</u>**

| | |
|---|---|
| ૧૦% ના તા.૧–૧૦–૨૦૧૪નારોજ સરકારી બોન્ડની ખરીદી (દાર્શનિક કિંમત રૂા.૧,૪૦,૦૦૦) | ૧,૫૦,૦૦૦ |
| પગાર | ૬૦,૦૦૦ |
| વેરો (૨૮–૨–૨૦૧૫ સુધી ૧૧ માસનો ) | ૧૧,૦૦૦ |
| પ્રિન્ટીંગ અને સ્ટેશનરી | ૭,૮૦૦ |
| પરચુરણ ખર્ચા | ૧૨,૦૦૦ |
| ઉપાડ | ૨૬,૦૦૦ |

(૪) વર્ષ દરમિયાન માંડી વાળેલ ઘાલખાધ રૂા. ૭,૦૦૦
વેચેલ ફર્નિચરની મૂળકિંમત રૂા. ૧૫૦૦ હતી જેના પર એકત્રિત ઘસારો રૂા. ૫૦૦ હતો.
ફર્નિચર પર વાર્ષિક ૧૦% લેખે અને મકાન પર વાર્ષિક ૨% લેખે ઘસારો ગણવામાં આવે છે.

**<u>અથવા</u>**

૨. કૃષિ પાસે તા. ૧–૪–૨૦૧૫ના રોજ ૧૨%ના રૂા. ૧,૨૬,૦૦૦ની ચોપડે કિંમતના નર્મદા વિકાસ બોન્ડ્સ હતા જે કિંમત દાર્શનિક કિંમત કરતાં ૧૦% ઓછી છે. વ્યાજ દર વર્ષે ૩૧મી માર્ચ, ૩૧મી જુલાઈ અને ૩૦મી નવેમ્બરના રોજ ગણવામાં આવે છે અને તે કૃષિના બેન્ક ખાતામાં ૭મી એપ્રિલ , ૭મી ઓગષ્ટ અને ૭મી ડિસેમ્બરના રોજ જમા થાય છે. ખરીદ – વેચાણના દરેક વ્યવહાર પર ૧% લેખે દલાલી ગણવામાં આવે છે. (૧૪)

વર્ષ દરમિયાનના વ્યવહારો નીચે મુજબ થયા હતા :

| તારીખ | દાર્શનિક કિંમત રૂા. | ભાવ રૂા. | રિમાર્ક |
|---|---|---|---|
| ૧–૬–'૧૫ | ૧,૦૦,૦૦૦ | ૧૨૦ | વેચાણ |
| ૧૬–૧૦–'૧૫ | ૬૦,૦૦૦ | ૧૦૮ | વ્યાજ બાદ ખરીદી |
| ૩૧–૧૨–'૧૫ | ૮૦,૦૦૦ | ૧૧૦ | વ્યાજ બાદ વેચાણ |
| ૧૧–૨–'૧૫ | ? | ૯૭.૫૦ | ખરીદી |

રોકાણોની છેવટની બાકીનું મૂલ્યાંકન લિફો(LIFO) પદ્ધતિએ કરવામાં આવે છે. ૩૧–૩–૨૦૧૬ના રોજ ચઢેલું વ્યાજ રૂા. ૨,૪૦૦ હતું.

ઉપરોકત માહિતી પરથી ૩૧–૩–૨૦૧૬ના રોજ પૂરા થતા વર્ષ માટે ૧૨%ના નર્મદા વિકાસ બોન્ડ્સ ખાતું તૈયાર કરો.

૩. પ્રથાએ વર્ષ ૧૯૭૮–'૭૯ દરમિયાન દિલ્હીમાં રહેઠાણનું મકાન રૂા.૯૦,૦૦૦માં ખરીદ્યું હતું અને તે અંગે ૧૯૭૯–'૮૦ દરમિયાન વધારાના બાંધકામ ખર્ચા રૂા. ૧૧,૦૦૦ ચૂકવ્યા હતા. (૧૪)

તા.૧–૪–'૮૧ના રોજ આ મકાન તેણે રૂા.૧,૩૦,૦૦૦માં વેચવાનો સોદો કરી બાના પેટે રૂા.૧૦,૦૦૦ લીધા. ખરીદનાર સમયસર નાણા ચૂકવી શકયા નહીં , તેથી બાનાની રકમ જપ્ત કરી સોદો રદ કર્યો.

ત્યારબાદ વધારાના બાંધકામ ખર્ચા નીચે મુજબ થયા હતા :

| | |
|---|---|
| વર્ષ ૧૯૮૩–'૮૪ | રૂા. ૧૭,૪૦૦ |
| વર્ષ ૧૯૮૭–'૮૮ | રૂા. ૧,૬૫,૦૦૦ |

તા. ૧–૭–'૧૫ના રોજ આ મકાન રૂા. ૪૯,૨૧,૪૦૦માં વેચી રૂા. ૬૭,૬૦૦ દલાલી ચૂકવી.

તા. ૧–૮–'૧૫ના રોજ મુંબઈમાં રૂા. ૧૫,૦૦,૦૦૦નું મકાન ખરીદ્યું , જે તરત જ રૂા. ૧૪,૦૦,૦૦૦માં વેચી દીધું અને તે ઉપજથી નેશનલ હાઈવેઝ ઓથોરિટી (NHAI ) ના બોન્ડ્ઝમાં રોકાણ કર્યુ હતું.

તા.૧–૧૦–'૧૫ના રોજ ખાનગી કંપનીના ડિબેંચર રૂા. ૧,૭૩,૨૫૦માં વેચ્યા, જે વર્ષ ૧૯૮૭–'૮૮ દરમિયાન રૂા.૮૨,૫૦૦માં ખરીદ્યા હતા.

સૂચકઆંક :

| | | |
|---|---|---|
| ૧૯૮૧–'૮૨ | : | ૧૦૦ |
| ૧૯૮૩–'૮૪ | : | ૧૧૬ |
| ૧૯૮૭–'૮૮ | : | ૧૫૦ |
| ૨૦૧૫–'૧૬ | : | ૧,૦૮૧ |

કલમ ૫૪ અને ૫૪ EC મુજબ ( જો લાગુ થાય તો ) આ.વ. ૨૦૧૬–'૧૭ માટે કરપાત્ર મૂડી નફો શોધો.

**<u>અથવા</u>**

૩. (અ) ખેતીની આવકની વિસ્તૃત સમજૂતી આપો. (૦૭)

(બ) મૂડીની સરખામણીની પધ્ધતિ ઉદાહરણ સહિત સમજાવો. (૦૭)

૪. ટૂંકનોંધ લખો. (૧૨)

(૧) એકનોંધ અને દ્વિનોંધી નામા પધ્ધતિ વચ્ચે તફાવત

(૨) આકસ્મિક આવક

(૩) ઈન્કમટેક્ષ ઓફિસર્સ

(૪) એપેલેટ ટ્રીબ્યુનલ

(૫) કરમુકત મૂડી નફો

%%%%%%%

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલી.

આંતરિક મૂલ્યાંકન કસોટી સપ્ટેમ્બર – ૨૦૧૬

બી.કોમ. સેમેસ્ટર–૩

વિષય : વાણિજય સંચાલન –૩

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૨૪/૦૯/૨૦૧૬ ગુણ : ૫૦

સૂચના : (૧) જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

(૨) જવાબો સ્પષ્ટ અને મુદ્દાસર હોવા જરૂરી છે.

૧. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (૧૦)

(૧) માનવ સંસાધન સંચાલનની વ્યાખ્યા આપો.

(૨) માનવ સંપત્તિ આયોજનની વ્યાખ્યા જણાવો.

(૩) અધિકારી વિકાસની કામ પરની પધ્ધતિઓની યાદી આપો.

(૪) મજૂરસંઘની વ્યાખ્યા સ્પષ્ટ કરો.

(૫) હડતાલ અને તાળાબંધી વચ્ચેનો ભેદ જણાવો

૨. માનવ સંપત્તિ આયોજનની પ્રક્રિયા વર્ણવો. (૧૪)

**<u>અથવા</u>**

૨. (અ) માનવસંસાધન સંચાલનનું કાર્યક્ષેત્ર જણાવો. (૦૭)

(બ) કૌશલ સંચાલનનો અર્થ અને ખ્યાલ સમજાવો. (૦૭)

૩. મજૂરસંઘના કાર્યોની ચર્ચા કરો. (૧૨)

**<u>અથવા</u>**

૩. (અ) કર્મચારીની દ્રષ્ટિએ કારકિર્દી આયોજનના તબકકા વર્ણવો. (૦૬)

(બ) વ્યકિતત્વ વિકાસની પધ્ધતિઓ સમજાવો. (૦૬)

૪. (અ) ટૂંકનોંધ લખો. ( કોઈપણ **<u>એક)</u>** (૦૭)

(૧) ઔદ્યોગિક ઝઘડાના કારણો

(૨) ઔદ્યોગિક ઝઘડાની અસરો

(બ) કેસ સ્ટડી : (૦૭)

શ્રી વિશાલકુમારે પોતાનો અંગત બિઝનેસ શરૂ કર્યો. આ પહેલાં તે ગ્લોબલ ગ્લાસ ફેકટરીમાં સુપરવાઈઝર રહી ચુકેલ. શ્રી વિશાલકુમાર અન્ય માણસોની જેમ ઉદારવાદી હતો. સાથોસાથ તે જૂના વિચારોનો હિમાયતી પણ હતો. "જો તમારે કંઈક સારું જ કરવું હોય તો જાતે જ કરી લેવું " એ સૂત્રમાં માનનાર હતો.

પોતાનો ઉદ્યોગ શરૂ કર્યા બાદ શ્રી વિશાલ એકમાત્ર ઉદ્યોગનો બોસ હતો. તે પોતાના એકમમાં કાર્ય કરતા કર્મચારીઓ પર વિશ્વાસ રાખતો ન હતો. શ્રી વિશાલકુમારના આવા વર્તનથી કર્મચારીઓ તેને પૂરતા પ્રમાણમાં સાથ–સહકાર આપતા ન હતા. એક દિવસ શ્રી વિશાલકુમારને જાતે ગ્લાસને બ્લોઈંગ કરતાં અકસ્માત થયો અને તેણે ફરજિયાત બે અઠવાડિયાની રજા પર જવું પડયું.

આ દરમિયાન તેની પત્ની ફેકટરી પર જવા લાગી. તે કર્મચારીને કંપનીની કીમતી મિલકત ગણતી. કર્મચારીઓની આંતરિક શકિતના વિકાસથી જ ધ્યેય સિધ્ધિ શકય છે તેમ માનતી. તેણીએ તમામ કર્મચારીઓને જણાવ્યું કે, પ્રોડકટ મેન્યુફેકચરીંગની તમામ જવાબદારી સૌની છે. આ બાબતે પોતે કાર્યક્ષમ ન હોઈ નિર્ણય લેવા તેણે સિનિયર માણસોને પસંદ કરી લીધા અને ઉત્પાદકતા, ગુણવત્તા, પડતર કિંમતો અને અન્ય બાબતો અંગે નિર્ણય લેવા તેઓને આવકાર્યા. નિર્ણય ઘડતરની પ્રક્રિયા દરમિયાન તે પોતે સૌનો અભિપ્રાય લઈને ધ્યેયલક્ષી અભિગમ અપનાવી નિર્ણય કરતી હતી. માહિતી પ્રેષણ અને વિકલ્પોની છણાવટ કરવી તે તેને આવડતું હોઈ ટેકનિકલ કૌશલ્ય ન હોવા છતાં બે અઠવાડિયા

દરમિયાન એક પણ ઓર્ડર પેન્ડિંગ ન રહયો. તે કદી પોતાની ક્ષમતા કરતાં વધુ જવાબદારી લેતી નહીં અને તે પોતાનાથી ન થઈ શકે તેવા નિર્ણયો માટે પ્રાધાન્યતા ધોરણે જવાબદારીનું નીચેના ક્રમોમાં વહન કરતી.

બે અઠવાડિયા પછી જયારે મિ. વિશાલકુમાર ફેકટરીમાં આવ્યા ત્યારે જૂના વાતાવરણની જગ્યાએ આવેલ બદલાવને જોઈને ચોંકી ઉઠયા. તેમની ' હું જ કરું ' ની માન્યતા ખોટી પડી. તેમણે પોતાની પત્નીને કર્મચારીઓ પર રાખેલ વિશ્વાસ તેમજ માનવીય અભિગમનો એકરાર કર્યો :

પ્રશ્નો : (૧) ઉપરોકત કેસમાં કયો સંચાલકીય પ્રશ્ન સંડોવાયેલ છે ?

(૨) શ્રી વિશાલકુમારની વિચારધારા અને તેની પત્નીની વિચારધારાનું અવલોકન કરો

%%%%%%%%

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલી.

આંતરિક મૂલ્યાંકન કસોટી સપ્ટેમ્બર – ૨૦૧૬

બી.કોમ. સેમેસ્ટર–૩

વિષય : સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૨૩/૦૯/૨૦૧૬ ગુણ : ૫૦

૧. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (૧૦)

(૧) અવેજ નાણાનો અર્થ ઉદાહરણ સહિત સમજાવો.

(૨) નાણાનો ચલણવેગ એટલે શું ?

(૩) બેંકદર અને વ્યાજના દર વચ્ચે શો તફાવત છે ?

(૪) ફુગાવાની સમાજના જુદા જુદા વર્ગો પર પડતી અસરોનો નિર્દેશ કરો.

(૫) વિશ્વબેંકના હેતુઓ કયા કયા છે ?

૨. (અ) નાણાનો પુરવઠો એટલે શું ? તેને અસર કરતાં પરિબળો વર્ણવો. (૦૭)

(બ) નાણાના કાર્યો પર નોંધ તૈયાર કરો. (૦૭)

**<u>અથવા</u>**

૨. (અ) વિનિમય સમીકરણ સમજાવો. (૦૭)

(બ) પ્રો. મિલ્ટન ફ્રિડમેનનો કાયમી ચોખ્ખી આવકનો ખ્યાલ સમજાવો. (૦૭)

૩. (અ) ફુગાવાનો અર્થ આપો. ફુગાવાના લક્ષણો સમજાવો. (૦૭)

(બ) ફુગાવા વિરોધીનીતિ તરીકે નાણાકીયનીતિની અસરકારકતા તપાસો. (૦૭)

**<u>અથવા</u>**

૩. (અ) મધ્યસ્થ બેંકના પ્રણાલિકાગત કાર્યો સમજાવો. (૦૭)

(બ) બેંકદર દ્વારા શાખનું નિયમન કઈરીતે કરવામાં આવે છે ? તેની મર્યાદાઓ સમજાવો. (૦૭)

૪. ટૂંકનોંધ લખો. ( ગમે તે **<u>બે</u>** ) (૧૨)

(૧) ફુગાવાના વિવિધ પ્રકાર

(૨) ગુણાત્મક શાખનિયંત્રણના સાધનો

(૩) નાણાસંકોચન

(૪) એશિયાઈ વિકાસ બેંક

%%%%%%%%

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલી.

આંતરિક મૂલ્યાંકન કસોટી સપ્ટેમ્બર – ૨૦૧૬

બી.કોમ. સેમેસ્ટર–૩

વિષય : બેંકિંગ કાનૂન અને વ્યવહાર

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૨૮/૦૯/૨૦૧૬ ગુણ : ૫૦

સૂચના : (૧) પ્રશ્ન નં.૧ ફરજિયાત છે.

(૨) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

૧. ટૂંકમાં જવાબ આપો. (૧૦)

(૧) ચેકનો અયોગ્ય નકાર એટલે શું ?

(૨) અનિચ્છનીય ગ્રાહક કોને કહેવાય ?

(૩) વિનિમયપત્ર અને ચેકમાં કેટલા પક્ષકારો હોય છે ? કયા કયા ?

(૪) EFT ના મુખ્ય પ્રકારો જણાવો.

(૫) કયા સંજોગોમાં રિઝર્વ બેંક વેપારી બેન્કનો પરવાનો રદ કરી શકે ?

૨. (અ) ટાંચનો હુકમ એટલે શું ? કયા સંજોગોમાં ટાંચનો હુકમ બેંકરને બંધનકર્તા નથી ? (૦૬)

(બ) કયા સંજોગોમાં બેંકરે ગ્રાહકના ખાતાં ફરજિયાત બંધ કરવા પડે છે? (૦૬)

**<u>અથવા</u>**

૨. વિનિમયપત્રની વ્યાખ્યા આપી તેનાં આવશ્યક તત્વો (લક્ષણો) ની ચર્ચા કરો. (૧૨)

૩. (અ) ધારણ કરનાર અને યથાનુક્રમે ધારણ કરનાર વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. (૦૬)

(બ) RTGS અને NEFT વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. (૦૬)

**<u>અથવા</u>**

૩. ૧૯૪૯ બેંકિંગ નિયમનધારાની ઓડિટ અંગેની અને નવી શાખા ખોલવા પર નિયંત્રણ અંગેની જોગવાઈઓ સમજાવો. (૧૨)

૪. (અ) ટૂંકનોંધ લખો. ( ગમે તે <u>બે</u>) (૦૮)

(૧) બેંકરનો ગ્રાહકના ખાતા સરભાર કરવાનો અધિકાર

(૨) કલેટનના કેસના નિયમો

(૩) બેંકિંગ લોકપાલ

(૪) બેંકો અને નીતિમત્તા

(બ) નીચેના સંજોગોમાં તમે બેંકર તરીકે શું કરશો ? (૦૮)

(૧) મિ. અંકિત પટેલ બેંક ઓફ બરોડામાં ચાલુ ખાતું ધરાવે છે. આવકવેરા અધિકારી ગ્રાહકના ખાતા અંગે માહિતી માંગે છે.

(૨) અંજાર (કચ્છ) ખાતેની બેંક ઓફ ઈન્ડિયા ભૂકંપને કારણે ગાંધીધામ ખાતે ફેરબદલી કરવા માંગે છે.

%%%%%%%

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલી.

આંતરિક મૂલ્યાંકન કસોટી સપ્ટેમ્બર – ૨૦૧૬

બી.કોમ. સેમેસ્ટર–૩

વિષય : ઉચ્ચતર નામાપધ્ધતિ પેપર–૧

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૨૯/૦૯/૨૦૧૬ ગુણ : ૫૦

સૂચના : (૧) પ્રશ્ન નં.૧ ફરજિયાત છે.

(૨) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

(૩) તમામ જરૂરી ગણતરી દર્શાવો.

૧. (અ) નીચેની વિગતો પરથી તમારે આર્થિક વરદી જથ્થો નકકી કરવાનો છે અને વર્ષ દરમિયાન કેટલીવાર ઓર્ડર મૂકવો પડશે તે પણ જણાવો. (૦૩)

દ્વિમાસિક વપરાશ ૧૫૦૦ એકમો , એકમદીઠ પડતર રૂા.૨૦૦ દરેક વરદી મૂકવાનો ખર્ચ રૂા.૪૦૦, એકમદીઠ વાર્ષિક ખર્ચ ૧૦%

(બ) હેલ્સી પ્રીમિયમ યોજના અને રોવેન પ્રીમિયમ યોજના અન્વયે કુલ વેતનની ગણતરી કરો. બચાવેલ સમય આપેલ સમયના ૨૦% લીધેલો સમય ૧૨ કલાક , કલાકદીઠ વેતનદર રૂા.૫૦ (૦૩)

(ક) એક વર્ષ માટે સ્ટોર્સ વિભાગમાંથી નીચેની માહિતી પ્રાપ્ત થયેલ છે. તેના પરથી (૧) છેવટનો સ્ટોક (૨) માલ સામાનનો વપરાશ (૩) માલસામાન ફેરબદલી દર અને (૪) માલસામાન ફેરબદલી મુદત શોધો. (૦૪)

| | | |
|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | રૂા. | ૬૦,૦૦૦ |
| ખરીદી | રૂા. | ૨,૩૦,૦૦૦ |
| સરેરાશ સ્ટોક | રૂા. | ૫૦,૦૦૦ |

૨. (અ) ક્રિષ્ના લિ.માં માલસામગ્રી " M " ના વ્યવહારો : (૦૭)

| જુલાઈ–૨૦૧૬ | વ્યવહાર | એકમો | કુલ રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | ખરીદી | ૨૫૦ | ૭,૫૦૦ |
| ૮ | ખરીદી | ૨૫૦ | ૧૦,૦૦૦ |
| ૧૩ | જાવક | ૨૦૦ | ફિફો |
| ૧૫ | ખરીદી | ૫૦૦ | ૨૫,૦૦૦ |
| ૨૧ | જાવક | ૩૦૦ | લિફો |
| ૨૩ | ખરીદી | ૩૦૦ | ૧૫,૦૦૦ |
| ૩૦ | જાવક | ૪૦૦ | ભારિત સરેરાશ |

તા. ૩૧–૭–૨૦૧૬ના રોજ પૂરા થતા માસ માટે માલસામાનની સ્ટોર ખાતાવહી (સ્ટોકપત્રક) તૈયાર કરો.

(બ) નીચેની માહિતી ગુજરાત એન્ડ કંપનીમાંથી જૂન – ૨૦૧૬ માસની મેળવવામાં આવી છે. (૦૭)

| | |
|---|---|
| મહિનાની શરૂઆતમાં કામદારોની સંખ્યા | ૯૦૦ |
| મહિનાના અંતે કામદારોની સંખ્યા | ૧૧૦૦ |
| નવા નિમાયેલ કામદારોની સંખ્યા | ૩૦ |
| વિસ્તરણ યોજનાને કારણે નવા નિમાયેલ કામદારો | ૧૩૦ |
| રાજીનામું આપી છૂટા થયેલ કામદારોની સંખ્યા | ૨૦ |
| છૂટા કરેલ કામદારોની સંખ્યા | ૧૦ |
| નિવૃત થયેલ કામદારો સંખ્યા | ૩૦ |

વિવિધ પધ્ધતિ અનુસાર કામદાર ફેરબદલી દર અને સમકક્ષ વાર્ષિક મજૂર ફેરબદલી દર શોધો.

**અથવા**

૨. (અ) મમતા લિ.ના નીચેના ખર્ચાઓ ચાર મશીનને લગતા છે. : (૦૭)

| | રૂા. |
|---|---|
| ભાડું – કરવેરા | ૬,૦૦૦ |
| પાવર ખર્ચ | ૪૮,૦૦૦ |
| મરામત | ૪,૮૦૦ |
| વીજળી ખર્ચા | ૮,૪૦૦ |
| બે ઓપરેટર : દરેકનો માસિક પગાર | ૧,૬૦૦ |
| સુપરવાઈઝરનો પગાર | ૩,૬૦૦ માસિક |
| યંત્રદીઠ ઘસારો | ૬,૦૦૦ |
| પાવર વપરાશ દરેક મશીનનો કલાકદીઠ | ૫ યુનિટ |
| યુનિટદીઠ પાવર ખર્ચ | રૂા. ૨ |

યાંત્રિક કલાક દર શોધો.

(બ) એક કંપનીમાં x , y , z ત્રણ ઉત્પાદન વિભાગ છે. અને M અને N સેવા વિભાગ છે. સેવા વિભાગ N ના ખર્ચા સીધી મજૂરીના પ્રમાણમાં અને સેવા વિભાગના M ના ખર્ચા ૫ : ૩ : ૨ ના પ્રમાણમાં ઉત્પાદન વિભાગને ફાળવવામાં આવે છે. (૦૭)

| ખર્ચ | ઉત્પાદન | | | | |
|---|---|---|---|---|---|
| | X | Y | Z | M | N |
| સીધી મજૂરી | ૬૦૦૦૦ | ૯૦૦૦૦ | ૧૨૦૦૦૦ | ૩૦૦૦૦ | ૬૦૦૦૦ |
| સીધો માલસામાન | ૩૦૦૦૦ | ૬૦૦૦૦ | ૬૦૦૦૦ | ૪૪૦૦૦ | ૪૫૦૦૦ |
| સ્ટાફની સંખ્યા | ૩૦૦૦ | ૪૫૦૦ | ૪૫૦૦ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| પોઈન્ટ | ૨૦ | ૩૨ | ૮ | ૧૨ | ૮ |
| રોકેલ જગ્યા (ચો.ફુટ) | ૩૦૦ | ૫૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| વીજળી કિલોવોટ | ૧૨૦૦૦ | ૯૦૦૦ | ૬૦૦૦ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| મશીનરીની કિંમત રૂા. | ૧૨૦૦૦૦ | ૮૦૦૦૦ | ૬૦૦૦૦ | ૨૦૦૦૦ | ૨૦૦૦૦ |

પરોક્ષ ખર્ચ નીચે મુજબ છે :

પાવર રૂા. ૨૨૦૦ , વીજળી રૂા. ૪૦૦, સ્ટાફખર્ચ રૂા. ૧૬૦૦, કલ્યાણ ખર્ચ રૂા. ૬૦૦૦, ઘસારો રૂા. ૬૦૦૦૦, મરામત ખર્ચ રૂા. ૧૨૦૦૦ ભાડું અને વેરા રૂા. ૧૧૦૦, સામાન્ય ખર્ચ રૂા. ૨૪૦૦૦.

પરોક્ષ ખર્ચની જુદા જુદા વિભાગો વચ્ચે ફાળવણી કરો.

૩. "એમ" લિમિટેડની ઉત્પાદન શકિત ૫૦૦૦ એકમોની વધુમાં વધુ છે. વર્ષ ૨૦૧૪માં ફકત ૪૦% ઉત્પાદન શકિતએ ઉત્પાદન વેચાણ થયું છે. વિગતો નીચે મુજબ છે. (૧૪)

| વિગત | રકમ રૂા. |
|---|---|
| સીધી માલસામગ્રીનો વપરાશ | ૩,૦૦,૦૦૦ |
| સીધી મજૂરી | ૨,૦૦,૦૦૦ |
| કારખાનાના પરોક્ષખર્ચા (૪૦% ચલિત) | ૧,૦૦,૦૦૦ |
| ઓફિસ પરોક્ષ ખર્ચ (સ્થિર) | ૮૦,૦૦૦ |
| વેચાણ–વિતરણ ખર્ચા | ૧,૨૦,૦૦૦ |
| કુલ વેચાણ | ૧૦,૦૦,૦૦૦ |

વર્ષ – ૨૦૧૫ માટે અંદાજ :

(૧) ઉત્પાદન અને વેચાણ પૂરેપૂરી ઉત્પાદન શકિતએ થશે.

(૨) વેચાણ–વિતરણના ખર્ચા ૫૦% વેચાણના એકમો સાથે બદલાય તેવા ચલિત ખર્ચા છે.

(૩) ૨૦૧૫ના વર્ષ માટે નફાનો દર ગયા વર્ષના ધોરણે જાળવી રાખવાનો છે.

વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ના કુલ પડતર અને એકમદીઠ પડતર દર્શાવતા પત્રકો તૈયાર કરો.

**<u>અથવા</u>**

૩. રાધે કંપની લિમિટેડનું તા. ૩૧–૩–૨૦૧૫ના રોજ પૂરા થતા વર્ષનું વેપારખાતું અને નફા–નુકશાનખાતું નીચે મુજબ છે. (૧૪)

વેપારખાતું અને નફા–નુકશાન ખાતું

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| વપરાયેલ માલસામાન (પ્રત્યક્ષ) | ૭,૦૮,૦૦૦ | વેચાણ (૩૦૦૦૦ એકમો) | ૧૫,૦૦,૦૦૦ |
| મજૂરી (પ્રત્યક્ષ) | ૩,૭૧,૦૦૦ | તૈયારમાલ (૧૦૦૦ એકમો) | ૪૦,૦૦૦ |
| ઉત્પાદન પરોક્ષ ખર્ચ | ૨,૧૩,૦૦૦ | અર્ધ તૈયાર માલ ખાતે : | |
| વહીવટી પરોક્ષ ખર્ચ | ૯૫,૫૦૦ | મજૂરી – ૮૦૦૦ | |
| વેચાણ–વિતરણ પરોક્ષખર્ચ | ૧,૧૩,૫૦૦ | માલસામાન– ૧૭૦૦૦ | |
| માંડી વાળેલ પ્રાથમિક ખર્ચ | ૭,૦૦૦ | ઉત્પાદન પરોક્ષ ખર્ચ ૫૦૦૦ | ૩૦,૦૦૦ |
| માંડી વાળેલ પાઘડી | ૧૪,૦૦૦ | ––––– | |
| દંડ | ૧,૦૦૦ | ડિવિડન્ડ (ગ્રોસ) | ૧,૨૦,૦૦૦ |
| લીધેલ ગીરો લોન વ્યાજ | ૪,૦૦૦ | બેન્ક થાપણ પર વ્યાજ | ૨૦,૦૦૦ |
| યંત્ર વેચાણની ખોટ | ૫,૦૦૦ | | |
| કરવેરાની જોગવાઈ | ૬૦,૦૦૦ | | |
| ચોખ્ખો નફો | ૧,૧૮,૦૦૦ | | |
| | –––––––– | | –––––––– |
| | **<u>૧૭,૧૦,૦૦૦</u>** | | **<u>૧૭,૧૦,૦૦૦</u>** |

કંપની એક સરખા એકમોનું ઉત્પાદન કરે છે. પડતરના હિસાબો દર્શાવે છે કે,

(૧) ઉત્પાદન પરોક્ષ ખર્ચ પ્રાથમિક પડતરના ૨૦% લેખે ફાળવવામાં આવ્યા છે.

(૨) વહીવટી પરોક્ષ ખર્ચ ઉત્પાદન એકમદીઠ રૂા. ૩ લેખે સમાવવામાં આવ્યા છે.

(૩) વેચાણ વિતરણ પરોક્ષ ખર્ચ વિશેષ એકમદીઠ રૂા. ૪ લેખે સમાવવામાં આવ્યા છે.

(૪) પરોક્ષ ખર્ચની ઓછી વસુલાત કે વધુ વસુલાત પડતરનો નફા–નુકશાન ખાતે લઈ જવામાં આવતી નથી.

તૈયાર કરો (૧) પડતરનું પત્રક ( પડતર હિસાબો મુજબ)

(૨) પડતરના હિસાબો અને નાણાકીય હિસાબો દ્વારા દર્શાવેલ નફા–નુકશાનનું મેળવણી પત્રક

(૩) કારખાના પરોક્ષ ખર્ચ ખાતું , વહીવટી પરોક્ષ ખર્ચ ખાતું વેચાણ વિતરણ ખર્ચ ખાતું (પરોક્ષ)

૪. ટૂંક નોંધ લખો. ( કોઈપણ <u>બે</u> ) (૧૨)

(૧) પડતર હિસાબી પધ્ધતિના ફાયદા

(૨) સ્થિરખર્ચા અને ચલિત ખર્ચા

(૩) માલસામગ્રીનું અ બ ક વર્ગીકરણ

(૪) પ્રગતિશીલ વેતન પ્રથાઓ

%%%%%%%

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલી.
આંતરિક મૂલ્યાંકન કસોટી સપ્ટેમ્બર – ૨૦૧૬
બી.કોમ. સેમેસ્ટર–૩
વિષય : આંકડાશાસ્ત્ર પેપર–૩

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......
તા. ૨૮/૦૯/૨૦૧૬ ગુણ : ૫૦

૧. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (૧૦)

(૧) જો $A = \begin{bmatrix} 2 & 5 \\ 3 & 1 \end{bmatrix}$ હોય તો $A^{-1}$ શોધો.

(૨) નીચેની માહિતી પરથી $q_0$ અને $L_3$ ની કિંમત શોધો.

| x | 0 | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
|---|---|---|---|---|---|---|---|
| lx | 100 | 90 | 80 | 75 | 60 | 30 | 0 |

(૩) જો A = [ 1 2 3 ] અને $B = \begin{bmatrix} 4 \\ 5 \\ 6 \end{bmatrix}$ હોય તો AB શોધો.

(૪) વ્યાખ્યા આપો : ચોખ્ખો પુનઃ પ્રજોત્પત્તિદર

(૫) જો E(x) = 2 , V(x) = 1 હોય તો $E(2x+5)^2$ ની કિંમત શોધો.

૨. (અ) એક યદચ્છ ચલ x નું સંભાવના વિતરણ નીચે મુજબ છે. (૦૬)

| xi | -1 | 0 | 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|---|---|---|
| P(xi) | 0.04 | 0.16 | 3P | 0.29 | P | 0.07 |

(૧) P ની કિંમત (૨) E(x) (૩) E(3x +5) (૪) V(x) શોધો.

(બ) એક બોક્ષમાં ૪ કાળા અને ૨ સફેદ દડા છે. તેમાંથી ૨ દડા યદચ્છ રીતે લેવામાં આવે છે. કોઈ એક વ્યક્તિ દરેક સફેદ દડા દીઠ ૮ રૂા. મેળવે અને કાળા દડા દીઠ ૪ રૂા. ગુમાવે છે. તો તે વ્યક્તિને મળતી રકમની ગાણિતિક અપેક્ષા શોધો. (૦૪)

(ક) નીચેના શ્રેણિક માટે વ્યસ્ત શ્રેણિક શોધો. (૦૪)

$$A = \begin{pmatrix} 10 & 15 & 20 \\ 20 & 15 & 5 \\ 5 & 10 & 20 \end{pmatrix}$$

**<u>અથવા</u>**

૨. (અ) એક સમઘન પાસો એવી રીતે બનાવેલ છે કે જેથી ગમે તે એક બાજુ ઉપર આવે તેની સંભાવના તે બાજુ પરની સંખ્યાના પ્રમાણમાં છે.જો ઉપરની બાજુની સંખ્યાને x વડે દર્શાવીએ તો xનું મધ્યક અને વિચરણ શોધો. (૦૫)

(બ) $A = \begin{bmatrix} 1 & 2 \\ 3 & 4 \end{bmatrix}$ , $B = \begin{bmatrix} 3 & 4 \\ 1 & 2 \end{bmatrix}$ હોય તો સાબિત કરો કે $(AB)^{-1} = B^{-1}A^{-1}$ (૦૫)

(ક) જો $A = \begin{pmatrix} 1 & 2 & 2 \\ 2 & 1 & 2 \\ 2 & 2 & 1 \end{pmatrix}$ તો સાબિત કરો કે $A^2$-4A – 51 = 0 જ્યાં O એ શૂન્ય શ્રેણિક છે. અને (૦૪)

I એ એકમ શ્રેણિક છે.

૩. (અ) પ્રતિ શ્રેણિકની મદદથી નીચેના સમીકરણોનો ઉકેલ શોધો. (૦૭)

$$x + 2y + 3z = 5$$
$$2x + 3y + 4z = 8$$
$$3x + 5y + 6z = 10$$

(બ) નીચેની માહિતી પરથી GFR , TFR, CBR અને GRR ની કિંમત શોધો. આ ઉપરાંત શહેરની કુલ વસ્તી ૩ લાખ હોય તથા જાતિ ગુણોત્તર નર:માદા= 52 : 48 છે. (૦૭)

| **વયજૂથ (વર્ષમાં)** | **સ્ત્રીઓની વસ્તી** | **જીવિત જન્મોની સંખ્યા** |
|---|---|---|
| 15-19 | 16,000 | 400 |
| 20-24 | 15,000 | 1725 |
| 25-29 | 14,000 | 2100 |
| 30-34 | 13,000 | 1560 |
| 35-39 | 12,000 | 1080 |
| 40-44 | 11,000 | 440 |
| 45-49 | 10,000 | 50 |

**અથવા**

૩. (અ) નીચેનું આયુષ્ય કોષ્ટક પૂર્ણ કરો. (૦૭)

| ઉંમર | lx | dx | $q_x$ | Lx | Tx | $e_x^0$ |
|---|---|---|---|---|---|---|
| 30 | 82,000 | 100 | ? | ? | 4042200 | ? |
| 31 | ? | 80 | ? | 81860 | ? | ? |

(બ) શહેર A અને B માટે CDR અને SDR શોધો.તથા બંને શહેરો વચ્ચે આરોગ્ય વિષયક સરખામણી નીચેની માહિતી પરથી કરો. (૦૭)

| વયજૂથ | શહેર – A | | શહેર – B | |
|---|---|---|---|---|
| | વસ્તી | દર હજારે મૃત્યુ | વસ્તી | દર હજારે મૃત્યુ |
| 0-5 | 3000 | 60 | 1500 | 50 |
| 5-20 | 5000 | 40 | 2200 | 25 |
| 20-50 | 4000 | 30 | 2800 | 20 |
| 50 થી વધુ | 2000 | 70 | 2500 | 60 |

૪. નીચેના પ્રશ્નોના વિસ્તારથી ઉત્તર આપો. ( ગમે તે **<u>ત્રણ</u>**) (૧૨)

(૧) શ્રેણિકની વ્યાખ્યા આપો. શ્રેણિક અને નિશ્ચાયક વચ્ચેનો તફાવત લખો.

(૨) વસ્તીવિષયક આંકડાઓનો અર્થ અને ઉપયોગિતા સમજાવો.

(૩) આયુષ્ય કોષ્ટકની રચના લખો.

(૪) પ્રજનનદર અને પુનઃ પ્રજોત્પતિદર

(૫) વ્યાખ્યા આપો. (૧) અસતત સંભાવના વિતરણ (૨) ગાણિતિક અપેક્ષા

%%%%%%